**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૪/૦૧/૨૦૧૮ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૯૩/૧૮**

**સાબરમતી પોલીસ સ્ટેશન :**

## છેલ્લા અગીયાર માસથી ઘરફોડ ચોરીના બે ગુનાઓમાં નાસતા ફરતા બે આરોપીઓને ઝડપી લેતી સાબરમતી પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સ્પેશ્યલ પો.કમિશ્રી સેક્ટર-૧ સાહેબનાઓ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૨ તથા એ.સી.પીશ્રી એલ ડીવીઝન સાહેબ નાઓ તરફથી મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે અમારા માર્ગદર્શન હેઠળ આજરોજ એ.એસ.આઇ સુરસિંહ ઉદાજી બ.ન.૮૬૭૧નાઓ તથા તેમની સાથેના સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેઓને તથા હે.કો રામમોહન ધરમસિંહ બ.ન.૮૧૪૨ તેમજ પો.કો શીવાભાઇ મણાભાઇ બ.ન.૫૪૯૫ નાઓએ સંયુક્ત બાતમી મળેલ કે સાબરમતી ફર્સ્ટ ગુ.ર.નં.૧૪/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૪૨૭,૧૧૪ મુજબના કામે આરોપીઓ(૧) મહેશ સ/ઓ કાલીચરણ હેતરામ યાદવ ઉ.વ.૨૧ રહે-મહાદેવનગર ગલી ન.૩ નાળાની પાસે ફીરોઝાબાદ તા-જી ફિરોજાબાદ ઉત્તરપ્રદેશ તથા (૨)અરૂણકુમાર સ/ઓ જોગેંદ્રસિંહ યાદરામ સવિતા (નાઇ) ઉ.વ.૨૦ રહે-મહાદેવનગર ગલી ન.૪/૨ નાળાની પાસે ફીરોઝાબાદ તા-જી ફિરોજાબાદ ઉત્તરપ્રદેશ નાઓ આગુનામા નાસતા ફરતા છે જેઓને તપાસમા તેમના વતન ઉત્તરપ્રદેશ ખાતે ગયેલ પરંતુ સદરી આરોપીઓ મળી આવેલ નહી જે બન્ને આરોપીઓ ઉત્તરપ્રદેશથી આજરોજ અમદાવાદ આવી મેમ્કો ઉતરી ભાડાની રીક્ષામા તેમના સંબંધીને મળવા સારૂ વિસત સર્કલ ખાતે ખાટલા ચા પાસે આવનાર છે જે હકીકતઆધારે તેઓએ સાથેના માણસો તથા પંચો સાથે વોચમા રહેતા સદરી બન્ને આરોપીઓ મળી આવતા ખરાઇકરી બન્ને આરોપીઓને ઉપરોક્ત ગુનાના કામે આજરોજ તા-૧૩/૦૧/૨૦૧૮ના કલાક ૧૫/૩૦ વાગે અટક કરવામાં આવેલ છે અને તપાસ દરમ્યાન આ બન્ને આરોપીઓ અડાલજ પો.સ્ટેશન ફસ્ટ ગુના રજી નંબર ૧૬૩/૨૦૧૬ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુનામાં વોંટેડ હોવાનુ જણાઇ આવતા આ બાબતે અડાલજ પો.સ્ટે નાઓને વર્ધી લખાવી આગળની કાર્યવાહી સારૂ જાણ કરવામા આવેલ છે.

**વટવા પોલીસ સ્ટેશન :**

**પરપ્રાતીય શીલબંધ અલગ અલગ બ્રાન્ડના બીયરના ટીન કુલ્લે ૫૩૬ કિ.રૂ ૮૦,૪૦૦/-ના મતાનુ મુદામાલ ભરી વહન કરતા ટાટા સુમો ગાડી નં જી જે ૧૮ બી એ ૫૯૪૫ ની કિ.રૂ ૧,૫૦,૦૦૦/-તથા ૦૨ નંગ મોબાઇલ જેની કિ.રૂ ૧૦૦૦/- મળી કુલ્લે મુદામાલ કિ.રૂ ૨,૩૧,૪૦૦/- ની મતાની સાથે બે ઇસમોને ઝડપી પાડતી વટવા પોલીસ**

મે.પોલીસ કમીશ્નરશ્રી તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમીશ્રી જે ડીવીઝન અમદાવાદ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટર બી જે સરવૈયા નાઓ પો.સ્ટે હાજર હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોર્ડના હેકો કૈલાસભાઇ હીમ્મતરાવ બનં ૭૮૪૫ તથા પોકો નરેન્દ્રકુમાર મફતલાલ બનં ૪૭૨૯ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આજરોજ તા.૧૪/૦૧/૧૮ ના રોજ પુનીતનગર કોસીગ બાજુથી આવતી એક ટાટા સુમો ગાડીનં જી જે ૧૮ બી એ ૫૯૪૫ નો પીછો કરી દુર્ગાનગર ત્રણ રસ્તા વટવા ક્રોસીગ રોડ અમદાવાદ શહેર ખાતે થી ગાડી રોકી પકડી ગાડી માથી પરપ્રાતીય શીલબંધ અલગ અલગ બ્રાન્ડના બીયરના ટીન કુલ્લે ૫૩૬ કિ.રૂ ૮૦,૪૦૦/-ની મતાનો મુદામાલ તથા આરોપીઓ પાસેથી મળી આવેલ ૦૨ નંગ મોબાઇલ કિ.રૂ ૧૦૦૦/- તથા ટાટા સુમો ગાડી ની કિ.રૂ ૧,૫૦,૦૦૦/- ની મળી કુલ્લે કિ.રૂ ૨,૩૧,૪૦૦/- ના મુદામાલ સાથે આરોપીઓ કરણલાલ સ/ઓ મદનલાલ જાતે ઓડ ઉવ ૩૧ રહે તલાવડી ના બનેલ ચાર માળીયા અમરાઇવાડી પોલીસ લાઇનની બાજુમા અમરાઇવાડી અમદાવાદ શહેર તથા જીતુભાઇ સોમાભાઇ ઓડ ઉવ ૪૦ રહે રાવજીનગરનો ટેકરો રામોલ ટેકરા અમદાવાદ શહેર નાઓ મેઘરજ સાબરકાઠા ખાતે રહેતા શંકરભાઇ ગરાસીયા પાસેથી લાવી અમદાવાદ શહેરમા આપવા આવતા પકડી લઇ જેઓની વિરુદ્ધ પ્રોહી અધીનીયમ ની કલમ ૬૫ (ઇ) ૧૧૬(બી), ૮૧ ૯૮ (૨) મુજબ નો ગુનો રજીસ્ટર કરી આગળની વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**